ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા
એન.એચ.એમ પ્રોગ્રામ
વડોદરા મહાનગરપાલિકા

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ ૫૫૩/૨૦૧૭-૧૮)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | પબ્લીક હેલ્થ મેનેજર | ૦૧ | સા.શૈ.પ.વ. - ૦૧ |
| ૧ | ફાર્માસિસ્ટ | ૦૩ | અ.જ.જા. -૦૨,<br>બિ.અ.- ૦૧ |

### ૧. શૈક્ષણિક લાયકાત અને અનુભવઃ

1. પબ્લીક હેલ્થ મેનેજર :- ૧. પબ્લીક હેલ્થમાં અનુસ્નાતક/હેલ્થ મેનેજમેન્ટમાં અનુસ્નાતક /MBBS /BAMS /BHMS ૨. સરકારી/NGO સંસ્થામાં નેશનલ હેલ્થ પ્રોગ્રામના અનુભવી ઉમેદવારને પ્રાધાન્ય (૩) અંગ્રેજી તથા કોમ્પ્યુટરનું જ્ઞાન અનિવાર્ય
2. ફાર્માસિસ્ટ :- ૧. માન્ય સંસ્થા દ્વારા ફાર્મસીનો ડિપ્લોમા કે ડીગ્રી કોર્ષ અથવા તેની સમકક્ષ લાયકાત તેમજ ગુજરાત ફાર્મસી કાઉન્સીલમાં નામ રજીસ્ટર કરેલ હોવુ જોઇએ. ૨. હોસ્પીટલ કે ડીસ્પેન્સરીમાં કામનો અનુભવ ધરાવનારને અગત્યતા અપાશે. ૩. વધારાની લાયકાત માં ઉમેદવારને કોમ્પુટરનું જ્ઞાન હોવું જરૂરી છે.

### ૨. પગાર ધોરણઃ

1. પબ્લીક હેલ્થ મેનેજર :- રૂ. ૨૦,૦૦૦/- માસિક ફિક્સ પગાર
2. ફાર્માસિસ્ટ :- રૂ. ૧૦,૦૦૦/- માસિક ફિક્સ પગાર

### 3. ઉંમરઃ

૫૮ વર્ષ થી વધુ તેમજ નિર્વુત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .

### ૪. કરારનો સમયગાળોઃ

૧૧ માસના કરાર આધારીત

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓઃ

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૧૫/૦૯/૨૦૧૭ (૦૦-૦૧ કલાક) થી તા. ૨૪/૦૯/૨૦૧૭(૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. <u>શૈક્ષણિક માહીતીઃ</u> શૈક્ષણિક માહીતી જો સામેલ education qualification details મા ના હોય તો OTHER1 અને કોમ્પુટર કોર્ષ ની માહીતી OTHER2 માં ભરવી.
4. <u>અનામતઃ</u> ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ , અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

5. <u>વયમર્યાદાઃ</u> અરજી સ્વીકારવાની તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
6. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯-૦૨-૧૯૯૬ ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં નાણાકીય વર્ષ-૨૦૧૪-૨૦૧૫ નું તા.૦૧-૦૪-૨૦૧૫ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
7. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
8. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
10. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
11. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
12. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
13. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
14. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
15. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૧૪/૦૯/૨૦૧૭.

**ચેરમેન**
એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી,
અને ડે.મ્યુ,નિસિપલ કમિશ્નાર(આ)
વડોદરા મહાનગરપાલિકા